


# આવતીકાલે પ્રથમ તબક્કાનો ચૂંટણીનો જંગ

## નરેન્દ્ર મોદી માટે વડાપ્રધાનનો પથ નક્કી કરતી ચૂંટણીના પહેલા રાઉન્ડમાં ૮૭ બેઠકો માટે ૮૪૬ ઉમેદવારો, કુલ ૨૯ પાર્ટીઓ મેદાનમાં: ૨૧૨૬૧ મતદાન મથકોમાં ૧.૮૧ કરોડ મતદારો

**૧૩મીએ કોનું ભાવિ સિલ થશે**



(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે વડાપ્રધાનનો પથ નક્કી કરનારી વિધાનસભાની હાઈટેક ચૂંટણીમાં પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો વચ્ચે ૧૩મીએ જંગ થશે. કોંગ્રેસ માટે પણ આ ચૂંટણી અસ્તિત્વનો સવાલ બનીને ઉભી છે.

રાજ્યમાં આ વખતે ભાજપના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીના કારણે બન્ને તબક્કામાં ૬૦ ટકા બેઠકો ઉપર ત્રિપાંખિયો સર્જાયો છે, જે વિજેતા થનારા ઉમેદવારોના પરિણામ ઉપર અસર કરી શકે તેમ છે.

પ્રથમ તબક્કામાં કોંગ્રેસના ત્રણ સંસદસભ્યો સોમાભાઈ પટેલ, કુંવરજી બાવળીયા અને વિઠ્ઠલ રાદડિયાનું ભાવિ નક્કી થશે. એ ઉપરાંત ભાજપના પ્રદેશ પ્રમુખ આર..સી.ફળદુ અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા પણ મેદાનમાં છે. વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ તેમજ પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રેસિડેન્ટ કેશુભાઈ પટેલ પણ ચૂંટણી લડી રહ્યાં છે. ભાજપના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી ગોરધન ઝડફિયા ગોંડલની બેઠક ઉપર ત્રિપાંખિયો જંગ ખેલી રહ્યાં છે.

### ઈલેક્શનની હાઈલાઈટ્સ

પ્રથમ તબક્કાની બેઠકો : ૮૭
કુલ મતદારો : ૧,૮૧,૭૭,૯૫૩
કુલ ઉમેદવારો : ૮૪૬
મતદાન મથકો : ૨૧૨૬૧
ભાજપના ઉમેદવારો : ૮૭
કોંગ્રેસના ઉમેદવારો : ૮૪
જીપીપીના ઉમેદવારો : ૮૩
અપક્ષ ઉમેદવારો : ૩૮૩
કુલ મહિલા ઉમેદવારો : ૨૯
પરિણાની તારીખ : ૨૦ ડિસેમ્બર

ભાવિ સરકારનું ગઠન કરવામાં મહત્વની ગણાતી આ બેઠકોમાં રાજકીય પ્રચાર પડઘમનો અંત આવ્યો છે. કુલ ૧,૮૧,૭૭,૯૫૩ મતદારો ધરાવતી આ બેઠકોમાં ૨૧૨૬૧ મતદાન મથકો આવેલા છે. આ તબક્કામાં ૮૪૬ ઉમેદવારો અને ૨૯ પાર્ટીઓ મેદાનમાં છે.

ભાજપે તમામ બેઠકોમાં ૮૭ ઉમેદવારો ઉભા રાખ્યા છે, જ્યારે કોંગ્રેસના ઉમેદવારોની સંખ્યા ૮૪ થાય છે. ત્રીજા મોરચા તરીકે મેદાનમાં ઉભેલા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે બે મહિનાના ટૂંકાગાળામાં પ્રથમ તબક્કામાં ૮૩ ઉમેદવારો મેદાનમાં ઉતારી દીધા છે. અલબત્ત, સત્તાધારી પાર્ટીના ઉમેદવારને હરાવવામાં મહત્વની ભૂમિકા ભજવતા અપક્ષોની સંખ્યા ૩૮૩ થવા જાય છે.

ગુજરાતમાં મહિલાઓને ૩૩ ટકા પ્રતિનિધિત્વ આપવાની વાતો કરનારી રાષ્ટ્રીય પાર્ટીઓ હકીકતમાં ચૂંટણી સમયે મહિલા ઉમેદવારોને ટીકીટ આપવામાં અન્યાય કરે છે. રાજ્યની ૧૮૨ બેઠકો પૈકી ૬૦ બેઠકો મહિલાઓને આપવામાં આવે તો ૩૩ ટકા પ્રતિનિધિત્વનું વચન પાળ્યું કહી શકાય. પ્રથમ તબક્કામાં ભાજપની ૧૧ સહિત કુલ ૨૯ મહિલાઓ મેદાનમાં છે.

ગુજરાતમાં ૧૯૯૫ની ચૂંટણીમાં ભાજપ તરફ પરિવર્તનનો પવન હતો. ૧૯૯૮માં શંકરસિંહ વાઘેલા સામે જનાક્રોશ હતો. ૨૦૦૨માં ગોધરાકાંડ અને હિન્દુત્વનું મોજું હતું અને છેલ્લે ૨૦૦૭માં મોત કા સોદાગર અને વિકાસના મુદ્દા ઉપર ભાજપને જનતાએ મતો આપ્યા હતા પરંતુ ૨૦૧૨માં એવું કોઈ સ્ટ્રોન્ગ મોજું દેખાતું નથી.

રાજકીય વિશ્લેષકો માને છે કે આ વખતની ચૂંટણીમાં જ્ઞાતિવાદી પરિબળોની સાથે સ્થાનિક ઉમેદવારોના સિક્કા ચાલી રહ્યાં છે. પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ અને સ્ટાર પ્રચાકરોનો ધૂમ પ્રચાર ચાલી ગયો છે. હવે પ્રચાર પડઘમ શાંત થઈ ચૂક્યાં છે. મુખ્ય પાર્ટીઓના નેતાઓ સરકાર બનાવવા માટેના સંકલ્પપત્રમાં વચનોની લ્હાણી પણ કરી ચૂક્યાં છે.

ગુજરાતમાં સંવેદનશીલ મત વિસ્તારોના કારણે વધારાનો પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવ્યો છે.

ખાસ કરીને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને યુવા નેતા રાહુલ ગાંધીએ છેલ્લા દિવસોમાં જાહેરસભાઓ સંબોધી પ્રજાને નવી દિશા માટે અપીલ કરી છે, જ્યારે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી, નિતીન ગડકરી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસને મુદ્દાને આગળ કરીને કેન્દ્રની યુપીએ સરકારની ભ્રષ્ટ નિતીઓની ટીકાઓ દ્વારા મતો મેળવવાનો પ્રયાસ કર્યો છે.

આશ્ચર્યની બાબત એવી છે કે મોદી સરકારના એક ડઝન મંત્રીઓ ચૂંટણી પ્રચારની પરાકાષ્ટા વખતે મત માટે બે હાથ જોડી મતદારોને વિનંતી કરતા જોવા મળ્યા છે.

બીજા તબક્કાની ૯૫ બેઠકો ઉપર ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી યોજાવાની છે ત્યારે તેમાં ૧.૯૮ કરોડ મતદારો છે. ભાજપના ચૂંટણી પંચ દ્વારા ૨૩,૩૧૮ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

### સંહિતાના ભંગ બદલ બે વર્ષની કેદ અને દંડ

ચૂંટણીનું મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન ચૂંટણી સબંધી રાજકીય પ્રચાર અને પ્રસાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ભારતના ચૂંટણી પંચે જણાવ્યું છે કે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે પંચે આચાર સંહિતાના ભંગ બદલ બે વર્ષ સુધીની જેલની સજા અને દંડની જોગવાઈ કહી છે. આ સમયમાં ચૂંટણી અંગેનું કોઈ કવરેજ કરી શકાશે નહીં જો કે બીજા તબક્કામાં જ્યાં ચૂંટણી છે તે વિસ્તારોમાં કોઈ પ્રતિબંધ રાખવામાં આવ્યો નથી. ૧૩મીએ સવારે આઠ કલાકે મતદાન શરૂ થશે, જે સાંજના પાંચ વાગ્યા સુધી રહેશે.

## કોંગ્રેસના વર્તમાન ત્રણ સંસદસભ્યો ,મુખ્ય પાર્ટીઓના પ્રમુખો અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇનું ભાવિ દાવમાં મોદી સરકારના એક ડઝન મંત્રીઓ મત વિસ્તારમાં મત માટે બે હાથ જોડી લોકોને પગે લાગતા જોવા મળ્યા


અન્ય વિસ્તારોની સરખામણીમાં બળવાખોરો ઓછા

# હાલ દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર મોદી માટે વધુ સરળ છે

### સુરત શહેરમાં ૧૨ બેઠકો પૈકી ભાજપ સાતથી વધુ બેઠક માટે આશાવાદીઃ મોટાભાગની બેઠકો પર ત્રિકોણીય જંગ

અમદાવાદ, તા.૧૧

દક્ષિણ ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પ્રચાર કરવામાં અન્ય પ્રદેશોની સરખામણીમાં વધારે રાહત મળી ગઈ છે. કારણ કે અન્ય વિસ્તારોની સરખામણીમાં આ વિસ્તારમાં ભાજપના બળવાખોરો ઓછા છે. શાસન વિરોધી પરિબળની અસર પણ અહીં ખૂબ ઓછી દેખાઈ રહી છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં સ્થિતિ મોદી માટે સાનુકૂળ દેખાઈ રહી છે. મોદી પણ આક્રમક પ્રચારમાં વ્યસ્ત બનેલા છે.



વિરોધી કોંગ્રેસ પાર્ટીમાં બળવાખોરોના કારણે અસંતુષોનું મોજું ફળી વળ્યું છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં ભાજપના નેતાઓ આક્રમક પ્રચારમાં વ્યસ્ત બનેલા છે. ચૂંટણી પહેલાં જ સુરત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કુંવરજી હળપતિ તેમાં સામેલ થઈ જવાના નિર્ણયથી ભાજપને મોટો ફાયદો થઈ શકે છે. આનાથી માંડવી, બારડોલી અને મહુવા મત વિસ્તારમાં ભાજપની જીતવાની તકો વધી ગઈ છે. રાજકીય રીતે મોદી સુરત, નવસારી અને વલસાડના શહેરી વિસ્તારોમાં ખૂબ મજબૂત દેખાઈ રહ્યા છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં એવી છાપ ઊભી થઈ છે કે તેઓ મોટા ઉદ્યોગપતિઓની સાથે જ છે. તેઓ અગાઉના વચનો પાળી શક્યા નથી.

સૌરાષ્ટ્ર શહેરમાં ભાજપ માટે સ્થિતિમાં ઊથલ પાથલ થઈ શકે છે. શહેરમાં ચોર્યાસી સૌથી મોટા મત વિસ્તાર તરીકે છે. આને ભાજપના ગઢ તરીકે ગણવામાં આવે છે. અહીં સાત બેઠકો આ વખતે જોવા મળી રહી છે. સુરત શહેરમાં ૧૨ બેઠક પૈકી ઓછામાં ઓછી સાત બેઠકમાં ભાજપ જીત મેળવી શકે છે. અહીં ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી વચ્ચે સ્પર્ધા છે. વરાછા, સુરત પૂર્વ, કટાર ગામ, કામરેજ અને લિંબાયત ત્રિકોણીય સ્પર્ધા થશે. અહીં સૌરાષ્ટ્ર અને મુસ્લિમોનું વર્ચસ્વ છે. કોંગ્રેસ અને જીપીપી બે-બે બેઠકો જીતી લેવા આશાવાદી છે. લેઉવા પટેલ અને મુસ્લિમો મોદીથી નારાજ છે. કેશુભાઈ પટેલ દ્વારા મોદી વિરોધી ઝુંબેશ પણ ચલાવવામાં આવી છે. આદિવાસી વર્ચસ્વવાળા ડાંગ, નિજર, સોમગઢ અને તાપીમાં કોંગ્રેસ લીડ મેળવવાના પ્રયાસમાં છે.

# એક કરોડ યુવાનોને રોજગારીનું વચન કોંગ્રેસે પાળ્યુ નથી : મોદી

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીના પ્રશ્નોનો ચૂંટણી પ્રચાર દરમિયાન જોરદાર જવાબ આપ્યો હતો અને દરેક પ્રશ્ને વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે નહેરુ પરિવાર ગુજરાતને ઉખાડી શકશે નહીં કારણ કે આ સરદાર પટેલનું ગુજરાત છે. મોદીએ કહ્યુ હતુ કે સોનિયા ગાંધી, મનમોહનસિંહ અને રાહુલ ગાંધીએ જેટલી સભા કરી છે તેના કરતા પણ વધારે સભા હું એક દિવસમાં કરું છું. ગામે-ગામ, ખૂણે-ખૂણે પહોંચ્યો છું. આખુ ગુજરાત ભાજપના કમળ ખિલાવવા થનગની રહ્યુ છે. રાજકીય ગુરુ તરીકે ગાંધીજીનું નામ લેનાર રાહુલે ગાંધીજીની સલાહ માનવાની જરૂર છે. ગાંધીજી આઝાદી પછી કોંગ્રેસનું વિસર્જન કરી દેવા સૂચન કર્યુ હતુ. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં આવીને રાહુલ ગાંધીએ ગુજરાત સરકારની સામે જનતાને ગુમરાહ કરવાના જે બાલિશ પ્રયાસો કર્યા તેનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે ગરીબો અને યુવાનો માટે ચિંતા કરવી હોય તો ગુજરાતની દિસા પકડવી પડે. રાહુલ બાબાએ આજે ગુજરાત આવીને ગાંધીજી, વિધાનસભા, આરટીઆઈ, રોજગારી, કિસાનો, યુવાનો, આમઆદમી વિશે જ ગુજરાતની બદનામ કરતા વિધાનો કર્યા છે તેમાં તેમનું અજ્ઞાન જ ઉઘાડું પડે છે. આજે સૌરાષ્ટ્રમાં ચૂંટણી અભિયાનની ચાર સભાઓ અને મધ્ય ગુજરાતની બે સભાઓમાં રાહુલ બાબાને પડકારતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે તમને લોકતંત્ર અને વિધાનસભા વિશે આટલો પ્રેમ છે તો લોકસભામાં સંસદ તરીકે કેટલી બેઠકોમાં તેમણે ભાગ લીધો ? લોકસભામાં છેલ્લા વર્ષમાં ૮૫ બેઠકોમાંથી રાહુલ બાબા માત્ર ૨૪ બેઠકોમાં અને તે અગાઉના વર્ષમાં ૭૨માંથી ૧૯ બેઠકમાં આવેલા શું આ તમારો લોકતંત્રનો પ્રેમ છે ? તેમને ગુજરાતની વિધાનસભાની ટીકા કરવાનો કોઈ અધિકાર નથી. અમને તો બે વખત બે તૃતિયાંશ બહુમતિથી અને જનાદેશથી વિધાનસભામાં આવેલા છીએ અમે જેટલા કાયદા પસાર કર્યા છે તે ભૂતકાળમાં થયા નથી. વિધાનસભામાં તો તમારી કોંગ્રેસની વિપક્ષની ભૂમિકા જ નકારાત્મક રહી છે. વિધાનસભા પ્રત્યે કોંગ્રેસને સાચો આદરભાવ હોય તો તમારા રાજ્યપાલે ધારાસભામાં પસાર થયેલા વિધેયકો કેમ રોકી રાખ્યા છે ? એનો જવાબ આપોને ? એવા સવાલો નરેન્દ્ર મોદીએ કર્યા હતા.

રાહુલ બાબાએ તેમના પિતા રાજીવ ગાંધીએ દેસના યુવાનોને મોબાઈલ આપ્યા તેના ગાણાં ગાયા. પણ આ મોબાઈલના ચાર્જિંગ માટે વીજળીની જરૂર હોય છે. આઝાદી પછી આજે દેશના કેટલા ગામો અને શહેરોમાં નિયમિત અને પૂરતી વીજળી મળે છે ? અને મોબાઈલની પહેલી જરૂરત છે કે યુવાનોને રોજગારીની ? તમે એક કરોડ યુવાનોને રોજગારી આપવાનું વચન આપેલું તેમાં કેટલી રોજગારી પૂરી પાડી ? આજે તો દેશની અદાલતોમાં ન્યાયના કેસોનો ભરાવો એટલા માટે પણ છે કે વીજળીના અભાવે કોર્ટો ચાલતી નથી ! તેમ પણ તેમણે જણાવ્યું હતું. આરટીઆઈ બાબતે ગુજરાતમાં ૧૪૦૦૦ અરજી પેન્ડીંગ છે તેની ટીકાનો આકરો પ્રહાર રાહુલ ગાંધી ઉપર કરતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે તમારી દિલ્હીની સરકારમાં જ ત્રણ લાખ આરટીઆઈ કેસો પેન્ડીંગ છે તેનું શું ? નહેરુ પરિવાર ગુજરાતને ઉખાડી શકશે નહીં કારણ આ સરદાર પટેલનું ગુજરાત છે એમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે સોનિયાજી, ડો. મનમોહનસિંહ અને રાહુલબાબાએ થઈને જેટલી સભા ગુજરાતમાં કરી તેના કરતા પણ વધારે સભા હું એક દિવસમાં કરૂં છું. ગામે-ગામે ખૂણે-ખૂણે પહોંચ્યો છું. આખુ ગુજરાત ભાજપના કમળ ખીલવવા થનગની રહ્યું છે. રાજકીય ગુરુ તરીકે ગાંધીજીનું છાશવારે નામ લેનારા રાહુલબાબાએ ગાંધીજીની સલાહ માનવાની જરૂર છે. ગાંધીજીએ આઝાદી પછી કોંગ્રેસનું વિસર્જન કરી દેવા સૂચવેલું કેમ આ સલાહ સ્વીકારોને ? આજે સૌરાષ્ટ્રમાં ચૂંટણીના પ્રથમ તબક્કાના જાહેર પ્રચારના છેલ્લા દિવસે મોદીએ સાવરકુંડલા, ધ્રાંગધ્રા અને સુરેન્દ્રનગરમાં ભાજપની ચૂંટમી સબાઓમાં જણાવ્યું કે કોંગ્રેસનું આખુ દળકટક ગુજરાતમાં ઉતર્યુંછે પણ કોઈને ગુજરાતના વિકાસની વાત નથી કરવી. માત્રને માત્ર નરેન્દ્ર મોદીને બદનામ કરવા છે. ગુજરાતમાં વિકાસ થયો નથી એવા જૂઠ્ઠાણા ચલાવે છે અને બીજી બાજુ જે વિકાસ થયો છે તે કેન્દ્રના નાણાંથી થયો છે એમ કહે છે, સું ગુજરાત પાસે કોંગ્રેસ હિસાબ માંગે છે ? ગુજરાતની જનતાને તો તમારો હિસાબ જોઈએ છે!

### આજે સ્મૃતિ ઈરાની ત્રણ ચૂંટણી સભાઓ ગજવશે

ગાંધીનગર, તા. ૧૧

૧૭મી ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ૯૫ બેઠકોની ચૂંટણીના ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર અર્થે આવેલ ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ સ્મૃતિ ઈરાની આજે સિદ્ધપુર પાલનપુર અને ડીસામાં ચૂંટણી સભાઓ સંબોધશે.

આજે તા. ૧૨મી ડિસેમ્બરને પ્રથમ તબક્કાની ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે સ્મૃતિ ઈરાની બપોરે ૪ કલાકે સિદ્ધપુર, સાંજે ૬ કલાકે પાલનપુરમાં અને ૭.૩૦ કલાકે ડીસામાં ચૂંટણી સભાઓને ગજવશે. તેમ મીડીયા સેલના કન્વીનર ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતું.

### કલોલ પરિવર્તન પાર્ટીમાંથી કાર્યકરોના રાજીનામા

ગાંધીનગર, તા. ૧૧

કલોલ તાલુકા પરિવર્તન પાર્ટીના પ્રમુખ અમાજી ઠાકોર, શહેર પ્રમુખ રજનીકાન્ત પટેલ તથા કલોલ તાલુકાના મહામંત્રી ગૌતમ ઠાકર અને શહેર મહામંત્રી મયુર પંડ્યા સહિત સાતસો જેટલા કાર્યકરો આજે પક્ષમાંથી સામુહિક રાજીનામા આપી દીધા છે. આ આગેવાનો આજે તેમના સમર્થકો સાથે ગાંધીનગરમાં કેશુબાપાના બંગલે આવી અને રાજીનામાના પત્રની નકલ આપી ગયા છે.